| | |
|---|---|
| રજુ તારીખ | ૩૦–૦૩–૨૦૧૬ |
| દાખલ તારીખ | ૩૦–૦૩–૨૦૧૬ |
| ફેસલ તારીખ | ૦૨–૦૪–૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ માસ દિવસ** |
| | **૧૦ ૦૦ ૦૩** |

**મહે.કપડવંજના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૫૭૧/૨૦૧૬

આંક ::

**ફરીયાદી ::**

શ્રી સ ર કા ર

**વિ રૂ દ્ધ**

**આરોપીઓ ::**

(૧) જગદીશભાઈ બુધાભાઈ હરીજન,
રહે.જુના બસ સ્ટેન્ડ પાછળ હરીજન વાસ, મુ.તા.કપડવંજ
(૨) વિનુભાઈ દેવજીભાઈ લસણીયા,
રહે.ગોપાલપુરા રેલ્વે સ્ટેશન પાછળ, મુ.તા.કપડવંજ
(૩) ફારૂકભાઈ મુસાભાઈ શેખ,
રહે.મહંમદઅલી ચોક ઘાંચીવાડા, મુ.તા.કપડવંજ
(૪) અતુલભાઈ વીજલાલ પરીખ,
રહે.આતરસુબા કુવાવાળી ફળી, તા.કપડવંજ
(૫) સુનીલભાઈ ધનજીભાઈ વણજારા,
રહે. ડાકોર ચોકડી વણઝારાવાસ, મુ.તા.કપડવંજ
(૬) વસીમભાઈ હૈદરભાઈ પઠાણ,
રહે.શાંતીનગર ભીલવાસ, મુ.તા.કપડવંજ
(૭) અરૂણભાઈ હરેન્દ્રભાઈ પુરોહીત,
રહે.જટવાડા, મુ.તા.કપડવંજ
(૮) શકીલભાઈ હુસેનભાઈ મીરજા,
રહે.ઈસ્લામપુરા કુવાવાળી, મુ.તા.કપડવંજ
(૯) ઈદ્રીસ અહેમદખાન પઠાણ,
રહે.ઈસ્લામપુરા કુવાવાળી, મુ.તા.કપડવંજ
(૧૦) મનોજભાઈ નટવરભાઈ ઝાલા,
રહે.નવાઘરા કરશનપુરા, તા.કપડવંજ
(૧૧) મયુરસિંહ ઈન્દ્રસિંહ ઝાલા,
રહે.પુનાદરા મંદીર પાછળ, તા.કપડવંજ
(૧૨) મગનભાઈ ભોરસિંગભાઈ ભીલાલા,
રહે.ઠાકોરકંપા, તાબે ભુતીયા, તા.કપડવંજ

(૧૩) મહોબતસિંહ ઉર્ફે મનોજ અંદરસિંહ ચૌહાણ,( સી.આર.પી.સી –૨૯૯ મુજબનો હુકમ થયેલ છે)
રહે.રાણીયા ડુંગરીપુરા, તા.ઠાસરા જી.ખેડા
(૧૪) કીરીટભાઈ રણછોડભાઈ રાણા,
રહે.મોટા પટેલવાડા, મુ.તા.કપડવંજ
(૧૫) સાજીદભાઈ મહેબુબભાઈ શેખ,
રહે.ઈસ્લામપુરા જુના મદ્રેસવાળી ફળી, મુ.તા.કપડવંજ

ગુન્હો : જુગારધારા કલમ–૪, ૫ મુજબનો

**ફરિયાદી તરફે વિ. એ.પી.પી. શ્રી ડી.બી.ચૌહાણ**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી એફ.એન.મીરજા**

**–:: ચુ કા દો ::–**

**૧.** ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપી નં.૧૫ ના ઈસ્લામપુરા જુના મદ્રેસવાળી ફળી કપડવંજ ખાતે આવેલ મકાન નં.૬૨૬૫ માં આરોપી નં.૧ થી ૧૪ ના તા.૧૮/૮/૧૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના અંગત ફાદાસારુ પતા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય અંગજડતીમાંથી મળેલ રૂ.૧૩,૫૪૦/–, મોબાઈલ ફોન નંગ–૮ ના કુલ રૂ.૫,૫૦૦/– તથા દાવ ઉપરના રૂ.૧૮૪૦/– તથા પતા પાના નંગ ૧૪૦ તથા પ્લાસ્ટિકનુ મીણીયુ મળી કુલ રૂ.૨૯,૯૦૦/– મુદ્દામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ ગુન્હો કરતા આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ–૪, ૫ મુજબની ફરીયાદ કપડવંજ ટાઉન તાલુકા પો.સ્ટે.માં સે.ગુ.ર.નં.૯૬/૨૦૧૫ થી દાખલ કરી, તપાસ કરનાર અધિકારીએ આરોપીઓને અટક કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોવાનું જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આરોપીઓને સમન્સ બજતાં તેઓ વિ.વકીલશ્રી સાથે અદાલત સમક્ષ હાજર થતા, આરોપીઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડી, આંક–૫૬ થી ૬૩ તથા આંક–૬૬, આંક–૬૭, આંક–૭૦ થી ૭૨, આંક–૭૬ સુધી આરોપીઓની પ્લી લેતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. જયારે આરોપી નં– ૧૩ તથા તેના જામીનદાર ને પ્રોસેસની

બજવણી ન થતા આરોપી નં–૧૩ વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ–૨૯૯ મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

મૌખિક પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ ભવાનસિંહ પ્રભાતસિંહ પરમારની જુબાની | ૮૨ |
| ૨. | પંચસાહેદ કનુભાઈ કસનાભાઈ વણકરની જુબાની | ૮૪ |
| ૩. | ફરીયાદી/ત.ક.અ. શેરખાન પઠાણની જુબાની | ૮૫ |
| ૪. | સાહેદ વનરાજસિંહ શંકરસિંહ ચાવડાની જુબાની | ૯૦ |

દસ્તાવેજી પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૮૩ |
| ૨. | પકડ વોરંટ | ૮૬ |
| ૨. | ફરીયાદ | ૮૭ |

**૪.** ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં હાલના આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ લીધો છે, ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** સદરહુ કેસના ન્યાયનિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુ દ્દા ઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧૫ ના ઈસ્લામપુરા જુના મદ્રેસવાળી ફળી કપડવંજ ખાતે આવેલ મકાન નં.૬૨૬૫ માં આરોપી નં .૧ થી ૧૪ ના તા.૧૮/૮/૧૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના અંગત ફાદાસારુ પતા પાનાનો હારજીતનો જુગાર |

| | |
|---|---|
| | રમી રમાડતા હોય અંગજડતીમાંથી મળેલ રૂ.૧૩,૫૪૦/–, મોબાઈલ ફોન નંગ–૮ ના કુલ રૂ.૫,૫૦૦/– તથા દાવ ઉપરના રૂ.૧૮૪૦/– તથા પતા પાના નંગ ૧૪૦ તથા પ્લાસ્ટિકનુ મીણીયુ મળી કુલ રૂ.૨૯,૯૦૦/– મુદ્દામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ જુગારધારાની કલમ–૪, ૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ? |

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## –:: નિ ર્ણ ય ::–

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

## –:: કા ર ણો ::–

**મુદ્દા નં.૧ અને ૨ :**

૮. સદરહુ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૮.૧ ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરવામાં આવેલ પુરાવાઓ જોઈએ તો સૌ પ્રથમ ફરીયાદી/ત.ક.અ. શેરખાન પઠાણ નાઓને આંક–૮૫ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૮/૮/૧૫ ના રોજ તેઓ પોલીસ સ્ટેશન હતા અને બાતમીદારથી બાતમી મળેલ જેથી પોલીસના સ્ટાફના માણસો સાથે રેડ કરવા સારૂ જુગાર ધારાની કલમ–૬ મુજબનુ વોરંટ મેળવી બે પંચોના માણસોને બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરીકપડવંજ ઈસ્લામપુરા જુના મદ્રેશવાળી ફળીમાં આરોપીઓ પતા પાનાનો જુગાર રમતા હોય તેઓનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછી તપાસ કરતાં આરોપીઓની અંગજડતીમાંથી કુલ રૂ.૧૩૫૪૦/–રોકડા, મોબાઈલ નં ગ–૮, પતા પાના નંગ –૧૪૦ તથા પ્લાસ્ટિકનુ મીણીયુ એમ મળી કુલ રૂ.૨૯૯૦૦/–નો મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ કરી મુદ્દામાલ કબજે કરેલ અને સરકાર તરફે આરોપીઓ

વિરુધ્ધ ફરીયાદ કરેલ. ફરીયાદ અને પંચનામુ કર્યા બાદ સદર તપાસ તેઓને મળતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ આરોપીઓની અટક કરી પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, બાતમી તેઓને મળેલ નહી, મકાન કોની માલીકીનુ હતુ તે બાબતનો દસ્તાવેજી પુરાવા ફરીયાદમાં લીધેલ નથી.

૮.૨ ફરીયાદપક્ષે આંક–૮૨ થી પંચસાહેદ ભવાનસિંહ પ્રભાતસિંહ પરમાર તથા આંક–૮૪ થી પંચસાહેદ કનુભાઈ કસનાભાઈ વણકરનાઓએ તેમના પુરાવામા આંક–૮૩ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં તેમની સહી હોવાનુ જણાવી પંચનામાની હકીકતને સમર્થન ન આપતાં ફરીયાદપક્ષે પંચસાહેદને ફરી ગયેલ જાહેર કરી લીધેલ ઉલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદપક્ષને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી.

૮.3 ફરીયાદપક્ષે આંક–૯૦ થી સાહેદ વનરાજસિંહ શંકરસિંહ ચાવડાનાઓને તપાસેલ છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ કાર્યવાહી તેઓની હાજરીમાં કરેલ.

બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, બાતમી તેઓને મળેલ નહી, મકાન કોની માલીકીનુ હતુ તે બાબતનો દસ્તાવેજી પુરાવા ફરીયાદમાં લીધેલ નથી.

૯. સદરહુ કામે રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાય છે કે, ફરીયાદપક્ષના મહત્વના પંચસાહેદ ભવાનસિંહ પ્રભાતસિંહ પરમાર તથા પંચસાહેદ કનુભાઈ કસનાભાઈ વણકરનાઓએ તેમના પુરાવામાં આંક–૮૩ થી કરવામાં આવેલ તેમની રૂબરૂના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, મુદ્દામાલ આ કામના આરોપીઓ પાસેથી કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ એ એક અગત્યના દસ્તાવેજ છે પરંતુ પંચનામા સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. જેથી પોલીસે પંચનામા મુજબનો મુદ્દામાલ આરોપીઓ પાસેથી ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** આમ રજુ થયેલ પુરાવાના આધારે ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી, સાહેદ અને ત.ક.અ.નાઓએ બનાવની હકીકતને સમર્થન કરેલ છે પરંતુ ફરિયાદ પક્ષના પંચ સાહેદે પંચનામુ તેની હાજરીમાં પંચનામુ થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે આરોપીઓ પાસેથી કબજે કરેલ મોબાઈલ ફોન કોની માલીકીના છે અને તે કયા આરોપીના કબજામાંથી મળી આવેલ છે તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ રહેણાંક મકાનમાં જુગાર રમતા હોય તો તે મકાન કોની માલીકીનુ છે તે બાબતેનો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

**૧૧.** આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીઓએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીઓને લાભ મળવા પાત્ર છે. આ કામે ફકત પોલીસ સાહેદોનો પુરાવો લીધેલ છે જેના પર આધાર રાખીને આરોપીને ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. કારણ કે, આ કામે ફરીયાદીનાં પુરાવાને સ્વતંત્ર સાહેદોથી સમર્થન મળતું નથી. આરોપીઓ સામે કોઈ સબળ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓને તેમની સામે મુકવામાં આવેલ આક્ષેપમાંથી છોડી મુકવાનું ન્યાયોચિત જણાય છે. આમ, આરોપી નં.૧૫ ના ઈસ્લામપુરા જુના મદ્રેસવાળી ફળી કપડવંજ ખાતે આવેલ મકાન નં .૬૨૬૫ માં આરોપી નં.૧ થી ૧૪ ના તા.૧૮/૮/૧૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના અંગત ફાદાસારુ પતા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય અં ગજડતીમાંથી મળેલ રૂ.૧૩,૫૪૦/-, મોબાઈલ ફોન નંગ-૮ ના કુલ રૂ.૫,૫૦૦/- તથા દાવ ઉપરના રૂ.૧૮૪૦/- તથા પતા પાના નંગ ૧૪૦ તથા પ્લાસ્ટિકનુ મીણીયુ મળી કુલ રૂ.૨૯,૯૦૦/- મુદ્દામાલ સાથે આરોપીઓ પકડાઈ જઈ જુગારધારાની કલમ-૪, ૫ મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં બર. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૫૫(૧) અન્વયે જુગાર ધારા કલમ–૪, ૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ ચલણી નાણાં સરકાર ખાલસા કરવા.

૩. આરોપીઓ પાસેથી મુદ્દામાલ પાવતી મુજબના કબજે કરવામાં આવેલ મોબાઈલોના વચગાળાનો હુકમ કાયમી રાખવામાં આવે છે તથા પતા પાના અને મીણીયાનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૪. આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે રૂ.૫૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજ તારીખ :: ૨ જી, માહે :: એપ્રિલ, સને :: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :: ૨/૪/૨૦૨૬
સ્થળ :: કપડવંજ

માયાદેવી આર.શુકલા
એડી.ચીફ.જયુડી.મેજી.,કપડવંજ
GJ00681

SAC